

# ફેક મોબાઈલ ટાવરના દુરુપયોગથી છેતરપિંડી

**સ્કેમર્સ નકલી મોબાઈલ ટાવરનો સહારો લઈને પોર્ટેબલ ટાવરની જાળ બિછાવે છે. આપણો મોબાઈલ તેના સ્ટ્રોંગ સિગ્નલને ઝીલીને તે પોર્ટેબલ નેટવર્ક સાથે કનેક્ટ થઈ જાય છે ને પછી છેતરપિંડી કરવામાં આવે છે**

## ટેક-ટોક

★ આનંદ ગાંધી

મોબાઈલ અને મોબાઈલ નેટવર્ક વચ્ચે અતૂટ સંબંધ છે. મોબાઈલ ટાવર વગર મોબાઈલમાં નેટવર્ક આવે નહીં અને નેટવર્ક ન આવે તો આપણો મોબાઈલ કશા કામનો રહેતો નથી. હવે સેટેલાઈટ નેટવર્કની સુવિધા ઘણા દેશોમાં શરૂ થઈ છે, છતાં હજુ પણ મોબાઈલ નેટવર્ક માટે ટાવર જ મુખ્ય છે.

એક મોબાઈલ બીજા મોબાઈલ સાથે નેટવર્કના માધ્યમથી જોડાય છે. નેટવર્ક એ બે કે તેથી વધુ ડિવાઈસને જોડવા માટે પાયાની જરૂરિયાત છે. મોબાઈલમાં એવી ટેકનિકનો ઉપયોગ થાય છે કે તે સતત કોઈને કોઈ નેટવર્ક સાથે કનેક્ટ થાય છે. આપણે કોઈ એક જ નેટવર્ક સાથે સતત જોડાયેલા હોતા નથી. એકથી વધુ ટાવર્સનું નેટવર્ક આપણા મોબાઈલને સતત નેટવર્ક સાથે કનેક્ટ રાખે છે. મોબાઈલ બને ત્યારે એવી ટેકનિક વપરાય છે કે તે સ્ટ્રોંગ નેટવર્કના સિગ્નલને પકડી શકે. કારણ કે સારામાં સારું સિગ્નલ આવે તે મોબાઈલ નેટવર્ક કંપનીઓ અને મોબાઈલ ઉત્પાદન કંપનીનું મુખ્ય લક્ષ્ય છે. હવે આ જ બાબતનો સ્કેમર્સ ગેરલાભ ઉઠાવી રહ્યા છે. સ્કેમ કરવા માટે સ્કેમર્સ નકલી મોબાઈલ ટાવરનો સહારો લેવા માંડ્યા છે

ફેક બેઝ સ્ટેશન એટલે ગેરકાયદે મોબાઈલ નેટવર્ક માટે બનાવવામાં આવતું સેટઅપ. ટાવર જેવો ભ્રમ પેદા કરીને મોબાઈલને ફેક નેટવર્ક સાથે કનેક્ટ કરવામાં આવે છે અને પછી એ નેટવર્કમાં કનેક્ટ થયેલા મોબાઈલમાંથી મેસેજ મોકલીને છેતરપિંડી કરવામાં આવે છે. આવી ઘટનાઓ હવે વધતી જાય છે. તાજેતરમાં ગ્રીસની પોલીસે કારમાં લગાવેલી એક ફેક ટાવર સિસ્ટમને ઝડપી પાડી હતી. તેના કારણે દુનિયાભરમાં આ ટેકનિકથી સાવધાન રહેવાની સલાહ આપવામાં આવી રહી છે. પોર્ટેબલ ટાવર આપણી આસપાસ એવી જાળ બિછાવે છે કે આપણો મોબાઈલ તેના સ્ટ્રોંગ સિગ્નલને ઝીલીને તે પોર્ટેબલ નેટવર્ક સાથે કનેક્ટ થઈ જાય છે. આટલું થઈ જાય પછી સ્કેમર્સ એક્ટિવ થાય છે.

એ મોબાઈલમાં આવી રહેલા ફેક નેટવર્કનો ઉપયોગ કરીને મેસેજ બ્લાસ્ટ કરે છે. એ મેસેજ આપણાં ધ્યાનમાં આવે ને આપણે એમાં ફસાઈ જઈએ તો સ્કેમર્સનું કામ બની જાય છે. ઓટીપીથી લઈને બેંકના વેરિફિકેશનના ફેક મેસેજ સાચા લાગે એ રીતે આવે છે. યુઝર્સને અંદાજ પણ આવતો નથી અને એ સ્કેમર્સની જાળમાં ફસાઈ જાય છે.

તેને એસએમએસ બ્લાસ્ટ ટેકનિક પણ કહેવામાં આવે છે. ફોનના નેટવર્કનો રૂટ બદલીને તેને જોખમી નેટવર્ક ચેનલમાં ડાઈવર્ટ કર્યા પછી આર્થિક છેતરપિંડી કરવામાં આવે છે. ઘણી વખત આપણાં નંબરનો ઉપયોગ કરીને ઘણાં લોકોને લિંક મોકલવામાં આવે છે અથવા તો મેસેજ પણ કરવામાં આવે છે. યુઝર્સને તુરંત ક્લિક કરવાનું કહેવામાં આવે છે અને એ રીતે ઓટીપી મેળવીને છેતરપિંડી થાય છે. આવા પોર્ટેબલ નેટવર્ક કારમાં સેટ થઈ શકે. બેકપેકમાં સેટ કરી શકાય. રસ્તામાં કોઈ સ્થળે એનું સેટઅપ થઈ શકે. આવતા-જતાં લોકો તેના સ્ટ્રોંગ નેટવર્કમાં જોડાય કે તરત જ મેસેજ બ્લાસ્ટ ટેકનિકથી મેસેજ મોકલી દેવામાં આવે છે.

સામાન્ય રીતે આવું થાય ત્યારે મોબાઈલમાં 2જી નેટવર્ક દેખાડવા લાગે છે. જો આવું થાય તો ચેતી જવા જેવું ખરું. ભારતમાં પણ આવા પ્રકારની ટેકનિકથી છેતરપિંડી થતી હોવાની શક્યતા છે. સિક્યોર નેટવર્કને બદલે આવા નેટવર્કથી છેતરપિંડી હાલ અટકાવી શકાય તેવી ટેકનિક ઓપરેટ કંપનીઓ પાસે પણ નથી. દુનિયાભરમાં આવા કિસ્સા વધ્યા છે એટલે હવે મોબાઈલ નેટવર્ક પ્રોવાઈડર્સ કંપનીઓએ પણ તેમના નેટવર્કને સુરક્ષિત બનાવવાની દિશામાં પગલાં ભરવાનું શરૂ કર્યું છે. સેફ નેટવર્ક અનસેફ બની જતું હોવાથી આ પ્રકારના સ્કેમમાં મોટું જોખમ સર્જાઈ શકે છે. તો મોબાઈલમાં થોડી પણ નેટવર્ક પ્રોબ્લમ જણાય ત્યારે અજાણી લિંકથી ને ઓટીપીથી સાવધાન રહેવું ખૂબ જરૂરી છે.

---

# ઝિંદા રખીં બુઝુર્ગો કી હમ ને રિવાયતેં
# દુશ્મન સે ભી મિલે તો મિલે આજિઝી સે હમ

**- માજિદ અલી કાવિશ**

## કેફિયત

★ હનીફ મહેરી



જીવંત રાખી વડીલોની અમે પરંપરાઓ, દુશ્મનથી પણ મળ્યા તો મળ્યા વિનમ્રતાથી અમે. આપણાં પૂર્વજોથી જે સંસ્કાર મળ્યા છે તેની પરંપરાઓ (રિવાયતેં) જાળવી રાખો તો દુશ્મનને પણ મળો તો વિનમ્રતા (આજિઝી)થી મળી શકો. જો દુશ્મનને વિનયથી મળો તો પછી મિત્રોને તો કેવા સ્નેહ સાથે મળી શકો. મુરબ્બીઓ (બુઝુર્ગો) ની જે પરંપરા છે તેને સાચવવાથી આખરે માનવતાની મહેક બધે પ્રસરી જશે. જ્યાં નફરતને કોઈ સ્થાન નહીં મળે. પ્રેમ અને સદ્ભાવ જ બધે જોવા મળે. જ્યાં વડીલો પ્રત્યે આદરભાવ હોય. ત્યાં વડીલોની પરંપરાને પણ રિવાજની જેમ જાળવી શકાય. માણસ જ્યારે પ્રેમની પરંપરાને જાળવી રાખે ત્યારે તેના મનમાં ક્યાંય પણ નફરત જોવા નહીં મળે. જ્યાં પ્રેમ હશે ત્યાં શાંતિ અને સદ્ભાવ પણ હશે. ત્યાં એકમેક માટે આદરભાવ હશે. જે માણસ દુશ્મનને પણ નફરતથી ધીક્કારે નહીં. તેની સામે પણ જ્યારે જાય ત્યારે વિનમ્રતાથી મળે. તો પછી કોઈ સાથે વેરઝેર રહે જ નહીં. બધા પ્રત્યે સ્નેહ રહે તો એવા માણસો ઉપર ઈશ્વરની પણ કૃપા રહે. જ્યાં ઈશ્વરની કૃપા હોય ત્યાં સુખ, શાંતિ પણ આપમેળે રહેવાની જ. માણસ નાની નાની વાતમાં વેરઝેર રાખીને જિંદગી જીવતો રહે છે. તેના કારણે બીજા સુખી થાય કે નહીં થાય. પરંતુ પોતે તો દુઃખી થાય જ. બીજાને મદદ નહીં કરી શકો તો કંઈ નહીં પરંતુ બીજાને નુકશાન કરીને તમે ક્યારે પણ પોતાને ફાયદો કરાવી શકવાના નથી. બીજાને તમે પરેશાન કરશો તો તમે ક્યારે પણ નિરાંતે રહી શકો નહીં. આ કુદરતનો નિયમ છે. બીજાના દુઃખને જો તમે ઓછું કરી શકો તો જ તમે સુખ પામી શકો. બીજાને કશુંક આપી નહીં શકો તો કંઈ નહીં. પરંતુ બીજા પાસેથી કશુંક છીનવી લઈને તમે કશું પણ પામી શકશો નહીં. વડીલોની પરંપરાને જાળવીને દુશ્મનને પણ જો સ્નેહપૂર્વક મળવાની તત્પરતા રાખો તો તમારા જેવો સુખી માણસ બીજો કોઈ નહીં હોય.